# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧




ભણતર ના ચોચા કાઢે છે, ધોવાઇ ગયા પછી,
છિદ્રો બીજાનાં શોધે છે, ખૂદ ખોવાઇ ગયા પછી,
વગોવાઇ ગયા પછી મૂકે આરોપ અન્ય પર -
દુખતાં પેટે કૂટે છે માથાં, રોવાઇ ગયા પછી..

હાઇકુ

'પોલીસભાઇ'
જે નિર્દોષ જ હતા -
હવે અધિકૃત
(ગુન્હા કર્યા'તા જ કોણે?!)

અવતરણ -
- નર્મદા નું તો થશે -
શિવ-શક્તિ છે?!
(કેનાલો ઝડપથી બાંધવી પડશે)

## ચિંતન

**આયુર્વર્ષ શતં નૃણાં પરમિતં રાત્રૌ તદર્ધૈ ગતં તસ્યાર્ધસ્ય પરસ્ય ચાર્ધમ પરં બાલત્વ વૃદ્ધ ત્વેયોઃ ।**
**શેષં વ્યાધિ વિયોગ દુખ સહિતં સેવાદિભિર્ન્તયતે જીવે વારિત રંગ ચલ્લનરે સૌખ્યં કૃતઃ પ્રાણીનામ ॥**

ભતૃહરિના વૈરાગ્ય શતકના આ શ્લોક મનુષ્યના પૂરાં સો વર્ષનો સાદો હિસાબ સમજાવી જિંદગીમાં સુખ છે જ નહીં એ વાત સરળ રીતે સ્પષ્ટ કરી છે :

મનુષ્યના આયુષ્યના ૧૦૦ - સો વર્ષ છે અને એમાંથી પચાસ વર્ષ તો સૂવામાં જાય છે, બરાબર-બાકી રહ્યાં પચાસ-એમાં પહેલાં સાડાબાર અણસમજના બાળપણમાં અને પાછલાં સાડાબાર વૃદ્ધાવસ્થાનાં રોગો અને અશક્તિને કારણે પથારીમાં જ જાય છે, બાકી રહ્યાં તે પચ્ચીસ વર્ષ યુવાનીનાં-નોકરી-મજૂરી-યોગ વિયોગ અને સંસારના સંબંધો સાચવવાની મથામણમાં પસાર થઇ જાય છે.

આમ પાણીના તરંગની માફક આપણું સો વર્ષનું આયુષ્ય પસાર થઇ જાય છે. આવાં અતિશય ચંચળમાં મનુષ્યને સુખ ક્યાંથી મળે?

આમ યુવાનીના માત્ર પચ્ચીસ વર્ષમાં પણ હા-ના અને વિરોધમાં વિતાવતાં દાંપત્યોને સુખ મળતું નથી પાછલી અવસ્થા એના અફસોસમાં જ પસાર થાય છે.

## સુવિચાર

- દુશ્મનોં સે શરમીંદા હોના પડા મુઝે... દોસ્તો કા પ્યાર આઝમાને કે બાદ... **- ખુમાર બારાબંકવી**
- જે સૂતો હોય તે કળિયુગ, જાગતો હોય તે દ્વાપર, કામ કરવા કમર કસે ત્યારે ત્રેતા અને પ્રવૃત્તિમાં ડૂબેલો હોય ત્યારે સતયુગ છે **- સુભાષિત**
- આ દુનિયામાં દુર્જન અને શયતાનનું અસ્તિત્વ છે જ નહીં.. માત્ર પ્રેમ, કરૂણા અને માનવતાથી હર્યાભર્યા સજ્જનોની ગેરહાજરી છે **- એસ.ભટ્ટાચાર્ય**
- ક્ષમા એ વાતનું પૂર્ણવિરામ છે... જ્યારે વેર એ વાતનું વતેસર છે.. બે ના ચાર થાય એમ વેર હંમેશા બમણું થતું રહે છે.. આપણે કોઇના દોષને માફ કરીએ તો ઇશ્વર પણ આપણા દોષો જરૂર માફ કરે જ છે **- મધર ટેરેસા**
- પોતાની ક્ષમતાઓ પારખીને અને તેમાં સતત વિશ્વાસ શ્રદ્ધા રાખીને આપણે દુનિયાને જરાક તો સારી બનાવી જ શકીએ **- દલાઇ લામા**
- તમારો જન્મ થયો હોય એ દિવસ અને જ્યારે તમને એમ સમજાય કે મારો જન્મ કેમ થયો છે એ બે દિવસ તમારા માટે સૌથી મહત્ત્વનાં હોય છે **- માર્ક ટ્વેઇન**
- જે માણસ પાસેથી બીજા સુખ મેળવી શકે છે તેને જ ખરું સુખ પ્રાપ્ત થાય છે **- ટી.એસ. ઇલીયટ**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

ઇચ્છાઓ કદી પૂરી થતી નથી એક ઇચ્છાપૂર્તિ તરત બીજીને જન્મ આપે છે - ઇચ્છાઓને 'બાવાજીની લંગોટ' પણ કહેવામાં આવે છે.

બાવાજી એ મૃત્યુ સમયે એટલું જ બોલ્યાં 'કદી બિલાડી પાડવી નહીં' લોકોને આશ્ચર્ય થયું. એના જૂના શિષ્યએ ફોડ ફાડી બધાને સમજાવ્યું.

બાવાજી ઝૂંપડીમાં રહેતા. ખેતર વચ્ચે ઝૂંપડી હતી. બાવાજી પાસે બે જ લંગોટ હતી. એમાંથી એક ઉંદર કાતરી ગયા. કોઇએ સલાહ આપી એક બિલાડી પાડો. બાવાજીએ બિલાડી પાડી. પોતે તો ભિક્ષા માગી લાવતા. પણ બિલાડી માટે ગાય લાવ્યા. ગાયને ખવડાવવા ખેતર ખેડયું ઘાસ વાવ્યું. હવે ગાયને ખવડાવવા પીવડાવવા અને સાચવવામાં ખૂબ સમય જવા લાગ્યો. ધ્યાન યોગ લગભગ બંધ થયાં. કોઇએ કહ્યું કોઇ વિધવા-ત્યક્તાને આશ્રય આપો. ગાય અને ખેતીનું કામકાજ સચવાઇ જશે.

બાવાજી એવી એક બાઇ લાવ્યા. બાર મહિને વળી એમાં એક બાળકનો ઉમેરો થયો. બાવાજી હવે પૂરા સંસારી થઇ ગયા. એક દિવસ બાવાજી બિમાર પડ્યા. બિમારી ગંભીર હતી. છેક છેલ્લી ગડી આવી, ત્યારે બાવાજી બોલ્યા - બીજી લંગોટ લાવવી પણ 'કદી બિલાડી ન પાળવી..'

Email - sureshchandrabhatt18@gmail.com

# એકવીસમી સદીનાં અનોખાં બાળ-કિશોર નાટકો

## પુસ્તક સમીક્ષા

- નટવર પટેલ

આજકાલ બાળ-કિશોર સાહિત્યમાં કાવ્યો અને વાર્તાઓનું ખેડાણ ખૂબ થાય છે, પરંતુ બાળ-કિશોર નાટકો ખાસ લખાતાં નથી. ત્યારે આ ગુજરાતી સા. પરિષદ દ્વારા 'ટાલો રમીએ નાટક'નું સંપાદિત પુસ્તક પ્રગટ થાય એનો હરખ એક બાળસાહિત્યકાર તરીકે જેટલો કરું એટલો ઓછો છે. હું એને હૃદયના ઉંબરેથી ઉમળકાના ચોખાથી વધાવું છું.

એની સરૈયા લેખિકા પ્રોત્સાહક નિધિ દ્વારા ૨૦૦૩થી જે કેટલીક સાહિત્યિક પ્રવૃત્તિઓ થઇ રહી છે, એમાં બે વાર બાળસાહિત્યને પ્રોત્સાહન આપતી પ્રવૃત્તિ થઇ છે. ૨૦૧૦માં બાળ સાહિત્ય લેખન સ્પર્ધા યોજાઇ હતી અને ૨૦૧૩માં બાળ કિશોર નાટ્ય લેખન સ્પર્ધા.

આ સંગ્રહમાં ૨૦ નાની મોટી નાટ્યકૃતિઓ સમાવિષ્ટ છે, જે દરેકના કર્તા અલગ અલગ છે. વીસ લેખિકાઓ તરફથી ૨૦ નાટ્યકૃતિઓ એક સાથે મળે એ ઓછા આનંદની વાત નથી.

અહીં 'અમિતાભ બચ્ચન' થી લઇ 'સપનાંઓની ધીંગામસ્તી' સુધીની સફરમાં વિવિધતાસભર સ્ટેશનો આવે છે. અહીં વિષયોનું વૈવિધ્ય ધ્યાન ખેંચે એવું છે. લબ્ધ પ્રતિષ્ઠિત સાહિત્યકાર સુરેશ જોષીની એક નવલિકા પરથી નાટ્ય રૂપાંતર 'થીંગડુ' નામની નાટિકા સિવાય બાકીની ૧૯ કૃતિઓ મૌલિક છે, અલબત્ત 'થીંગડું' માં પણ મૌલિકતાની છાંટ વર્તાય છે. વર્તમાન પ્રવાહોને આ નાટિકાઓમાં વણી લેવામાં આવ્યા છે. બાળકો તથા કિશોરોની મૂંઝવણો, વાલીની સમસ્યાઓ વગેરેના આ નાટિકાઓ વાચા આપે છે. અહીં બાળકને 'કીડનેપિંગ' સમસ્યા છે, તો 'દીવા' નામની નારિકામાં સૂરત શહેરમાં બનેલી વાસ્તવિક ઘટનાનું નિરૂપણ છે. 'શિક્ષા' નાટિકાની આસ્થા વ્યસ્ત ટાઇમ ટેબલથી ત્રસ્ત છે, તો રૂપલીના સુંદર રિઝલ્ટથી સુખી ઘરની મોના નામની કિશોરી બેચેન છે. નવી પેઢી આજકાલ કોમ્પ્યુટર, ચેટિંગ, આઇપોડ, ફેસબુક, આઇપેડ, ટ્વિટર વગેરેમાં અટવાઇ છે અને તેને લીધે જન્મતા આ યુગનાં નવા પ્રશ્નો અહીં કેટલીક નાટિકાઓમાં સુંદર રીતે ઝિલાયા છે. મોટા ભાગની કૃતિઓમાં આધુનિક શહેરીજીવન ધબકતું જણાય છે તેમ છતાં કેટલીક નાયિકાઓ માનવેતર પાત્રસૃષ્ટિનીનીય વાત કરે છે, જેમ કે લીના ત્રિવેદી કૃત 'કીડી લોકનું રક્ષણ' તથા નયના મહેતા કૃત 'વડ'ની 'વર્ષગાંઠ' આ પ્રકારની કૃતિઓ છે. તો વળી, ઊર્મિ પંડિત રચિત 'અમિતાભ બચ્ચન' નાટિકામાં વિશિષ્ટ પાત્ર ચાડિયાનું નિરૂપણ સુંદર થયું છે. અહીં અમિતાભની ફિલ્મોની ગીતની કેટલીક પંક્તિઓ સહજ રીતે પ્રસંગને અનુરૂપ મુકાઇ છે.

વનલતા મહેતા તરફથી ગુજરાતી બાળસાહિત્યને ઘણી સારી નાટિકાઓ આ અગાઉ મળી છે. અહીં એમની કૃતિ 'એક તક આપો' એ સ્કાઉટરના કેમ્પ ફાયર દ્વારા ચોર શોધવાની નવી ટેકનિક દ્વારા રજૂ થઇ છે. અહીં માનવસાસ્ત્રીય પદ્ધતિથી વિદ્યાર્થી અશોક ચોરને કેવી રીતે પકડે છે. તે જોવાની મજા પડે એવી નાટિકા છે છેવટે આચાર્યશ્રીની આગળ ચોર 'મને સુધરવાની એક તક આપો' કહે છે, તે માફી મેળવે છે.

જે નાટિકાના શીર્ષક પરથી આ સંગ્રહને નામ અપાયું છે તે પ્રજ્ઞા પટેલ કૃત 'ચાલો, રમીએ નાટક' એક કરવા પ્રોત્સાહન આપે છે. અહીં ટીચર બાળકોને જાતે નાટક તૈયાર કરવા પ્રોત્સાહન આપે છે. બાળકો જ મમ્મી, પપ્પા, ટીચર, વિદ્યાર્થી સમાજ વગેરેનાં પાત્રો ભજવે છે, પ્રશ્નો રજૂ કરે છે વિદ્યાર્થીના મુખમાં મુકાયેલ સંવાદ : બાળમાનસનું પ્રતિનિધિત્વ કરે તેવો છે. તે સંવાદ છે.

અક્ષર : આ જ તકલીફ. બધી વાતોમાં પીસાવાનું અમારે. મમ્મી પપ્પા ઝઘડે, એમની વચ્ચે મતભેદ હોય, સહન કરવાનું અમારે. શિક્ષક-શાળા વચ્ચે મમ્મી-પપ્પા વચ્ચેય સહન કરવાનું અમારે. અમે કંઇ શટલકોક નથી.

તો વર્ષાતન્નારચિત 'તીરથ આપણા સહુનો' નાટક તાજેતરની ઉત્તરાખંડની હોનારતની ઘટનાની પશ્ચાદ ભૂ પર રચાયેલ છે. માબાપને એ હોનારતમાં ગુમાવી બેઠેલ તીરથ અવાક બની જાય છે. તેનું વર્તન એબનોર્મલ બની જાય છે. ત્યારે બાળકો એને પોતાની વચ્ચે રાખી નોર્મલ બનાવે છે. અહીં નાટકમાં ગતિ છે. સંવાદો સહજ છે. અહીં ક્યાંક ક્યાંક પાત્રનું નામ અને સંવાદ ભેગાં થઇ ગયાં છે, પાત્રનાં નામ ખસીને સંવાદમાં જતાં રહ્યાં છે. રંગસૂચનના કૌંસ પણ ક્યાંક છૂટી ગયા છે.

બધી જ નાટિકાઓ વિસે વિગતેવાત કરવાનો અત્રે અવકાશ નથી. છતાં જે કંઇ ધ્યાનાકર્ષક છે તેની વાત તો કરવી જ રહી.

શકંતુલા પારેખ રચિત 'નાના તણખાનો દાવાનળ' નાટિકામાં બાળમજૂરીની સમસ્યાની વાત છે. અહીં સૂત્રધારનું પાત્ર છે, જે વચ્ચેનાં દૃશ્યોને એકબીજા સાથે સાંકળે છે. શરૂઆતમાં કોરસ દ્વારા ગવાતું ગીત અને તે પછી ફિલ્મી ઢાળે ગવાતું ગીત ન મૂકાયું હોત તો પણ ચાલે એમ છે. તેના લીધે નાટકનું રહસ્યોદઘાટન થઇ જાય છે. નાટકમાં પાત્રોનાં સંવાદ દ્વારા, ઘટનાના નિરૂપણ દ્વારા જો કોઇ વાત કહીં શકાતી હોય તો તેને આમ નાટકના આરંભમાં કહી દેવાની શી જરૂર?

આજકાલ વિભક્ત થતાં જતાં પરિવારમાં દાદા-દાદીનું સ્થાન ક્યાંક 'ઘરડાઘર'માં તો ક્યાંક અલગ ઘરમાં જોવા મળે છે. ત્યારે વિભૂતિ દેસાઇનું 'મધર્સ ડે' નાટક અને સમસ્યા પર પ્રકાશ પાડે છે. અહીં પ્રેરક અને ધૈર્યા ગાંધી ચિંધ્યા માર્ગે ઉપવાસ કરી દાદીને ફરી ઘરે બોલાવી લાવી સારી રીતે 'મધર્સ ડે' ઊજવે છે.

આજકાલ મોબાઇલનો ઉપયોગ વધી ગયો છે. બાળકોમાં પણ એનો ક્રેઝ જેવો તેવો નથી. એના વધુ પડતા ઉપયોગથી કે દુરૂપયોગથી ટીનેજર્સ પર એની કેવી માઠી અસર થાય છે તે વાત કામિની મહેતા 'રામાયણ ઘર-ઘરની' નાટિકામાં કરે છે. અહીં મોબાઇલમાં જે ક્વિઝ જેવા એસ.એમ.એસ. આવે છે તે સંવાદો બુદ્ધિપ્રેરક છે જેમ કે ( ) તેનો ઉત્તર છે. ફાઇવ ફીંગર ઓન અ હેંડ' આ પણ જુઓ :( ) અર્થાત્ ૬૪ સ્કવેઅર ઓન એ ચેસબોર્ડ.

વિદ્યુલ્લતા ભટ્ટ કૃત 'રૂપલીનું રિઝલ્ટ' નાટકમાં છેવટે મોનાનાં સ્વભાવમાં પરિવર્તન આવે છે. અહીં સ્વપ્નવાળું દૃશ્ય સારું બન્યું છે. નાટકના સંવાદો પણ વાસ્તવિક રીતે પ્રયોજાયા છે, તો વળી ગીતા દ્વિવેદી કૃત 'શિક્ષા' નાટિકા વાલીમિત્રોને સાવધ કરતી નાટિકા છે. માબાપ પોતાના બાળક પાસે વધારે પડતી અપેક્ષાઓ રાખે છે ને એમાંથી જન્મે છે સમસ્યાઓ. અહીં ૮માં ધોરણમાં ભણતી આસ્થાનું આખા દિવસનું સમયપત્રક ભરચક રહે છે. તે એક દિવસ તે સ્કૂલેથી પરિણામ લેવા ગયેલી ઘેર જવાને બદલે બગીચામાં જઇ ચડે છે. આ તરફ ઘરે ચિંતા કરતી તેની મમ્મીના હાથમાં આસ્થાની ડાયરી આવે છે. તે વાંચતા આસ્થાની મનોદશાનો ખ્યાલ આવે છે ને વાસ્તવિકતા છતી થાય છે. બગીચામાંથી બહાર નીકળતાં ત્રણ ટપોરી જેવા છોકરા તેન પીછો કરે છે ત્યારે આસ્થા કે જેણે કરાટેના દાવ જાણે છે તે દાવ અજમાવી તેમના સંકજામાંથી છૂટી દોડતી ઘેર પહોંચે છે. ત્યારે માતા એને ભેટીને કહે છે : આઇ એમ સોરી બેટા, આજથી તારા માટે કોઇ ટાઇમટેબલ નહીં' નાટક અહીં પૂરું થવું જોઇએ. તે પછીનાં નલીનીના ચાર વાક્યો અર્થહીન છે, જરૂરી નથી.

નીતા જોશીના 'સપનાંઓની ધીંગામસ્તી' માં બાળકો પોતાનાં સપનાં રજૂ કરે છે. તો માલિની શાસ્ત્રીના 'મારે ભણવું છે' નાટકમાં મુખ્ય વાત ભણીગણીને કંઇક બનવાની છે. ખાસ કરીને ગામડામાં માબાપ દીકરીને ભણાવતા નથી. અહીં ભણવામાં હોંશિયાર દીકરી જયશ્રીને એનાં માબાપ ભણાવવા ઇચ્છતાં નથી. ત્યારે ડો. કામિનીનું ઉદાહરણ આગળ ધરી પ્રોફેસર જયક્ષીનાં માબાપને એ માટે તૈયાર કરે છે. અહીં નાટકમાં અન્ય પ્રસંગોનું ય નિરૂપણ છે, ન હોત તો પણ ચાલત.

આ સંગ્રહમાં પર્યાવરણ અંગેની જાગૃતિ (અવરનેસ) અંગેનું પણ એક નાટક છે. ભાવના હેમંત વકીલના કૃત (પર્યાવરણના રંગ દોસ્તોની સંગ) નાટકમાં લેખિકા બાળકો દ્વારા પર્યાવરણની જાળવણી, પેટ્રોલની બચત, પ્રાણીઓની માવજત વગેરેની વાત કરે છે. છેલ્લે ચેતન નામનો છોકરો, સિગારેટ પીતો પ્રવેશે છે, 'એ દૃશ્ય પ્રતિકાત્મક રીતે ગોઠવાયું હોત, તો વદારે સારું રહેત.'

આ સંગ્રહની નાટિકાઓનાં વિષયો સાંપ્રત સમાજ આધારિત છે, તેથી એમાં નાવીન્ય જોવા મળે છે. બધી જ નાટિકાઓ સ્ટેજ પર બાળકો દ્વારા રજૂ કરી શકાય એવી છે. લેખિકાઓમાં નવી ટેકનિક પ્રત્યેની સભાનતા અહીં જોવા મળે છે. અહીં હાસ્ય તથા કરુણ ઘટનાઓનું પણ નિરૂપણ જોવા મળે છે. આ નાટિકાઓ બાળકોના ચિત્ત પ્રદેશને અનાવૃત્ત કરતી ઘટનાઓ નિરૂપે છે. ક્યાંક પાત્રો તીવ્ર પ્રતિક્રિયા પણ દર્શાવે છે. સંવાદોમાં બાળમાનસનું તાદૃશ આલેખન જોવા મળે છે. આ નાટિકાઓ પરી, રાક્ષસ, જાદુગર જેવા માનવેતર પાત્રોથી મુક્ત બની છે. હા, 'બાપુની કમાલ' (લેખિકા : પ્રીતિ જરીવાલા)માં ગાંધીબાપુનું પાત્ર આવે છે જે બાળક રોહનને ભારતની આઝાદીના ઇતિહાસ શીખવી જાય છે.

કેટલીક લેખિકાઓ માટે આ નાટક પ્રયાસ પણ હોઇ શકે છે. વનલતાબેન, પ્રજ્ઞાબેન કે ભાવનાબહેન કે જેમનાં માલિનીબેન બાળકિશોર વિષયક નાટકોમાં પુસ્તકો બહાર પડ્યાં છે, એમની કૃતિઓ સરસ હોય એ અપેક્ષા રહે જ. તદ્ઉપરાંત મોટા ભાગની આ કૃતિઓ સરસ બની છે. છતાં હજી સઘનકાળ થઇ શક્યું હોત.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# ચાણક્ય વિષે અનેક પુસ્તકો પ્રકાશિત થયાં છે પરંતુ સંપૂર્ણ ગુજરાતીમાં ચાણક્યના નીતિ સૂત્રો પ્રથમ વખત આપણને મળે છે

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ
## શબ્દ સેતુ

સંપાદક : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'

**અમર સૂત્રોની અનોખી શ્રેણી**

નાની નાની પુસ્તિકાઓ દ્વારા મોટા મોટા મહાનુભાવોના વિચારોને લોકો સુધી પહોંચાડવાનું કામ ખરેખર ખુબ જ અઘરું છે. અનેક ગ્રંથોમાં સમાયેલું આ જ્ઞાન તેમાંથી નીચોડરૂપ કેટલાંક અમરસૂત્રો જુદા જુદા લેખકો પાસે ખુબ જ જહેમત પૂર્વક તૈયાર કરાવીને તેને પુસ્તીકાઓ રૂપે મુકવાનું કામ ફલેમિંગો પબ્લિકેશન્સ અમદાવાદ દ્વારા કરવામાં આવ્યું છે. અમર સૂત્રોની આ શ્રેણીમાં કુલ આઠ પુસ્તીકાઓ સુંદર રંગો અને સુઘડ સ્વચ્છ પ્રિન્ટીંગ સાથે તૈયાર કરવામાં આવી છે. જેમાં ચાણક્યના અમર સૂત્રો, કબીરનાં અમર સૂત્રો, ખલિલ જિબ્રાનનાં અમર સૂત્રો, ગાંધીજીનાં અમર સૂત્રો, સ્વામિ વિવેકાનંદના અમર સૂત્રો, વિનોબાના અમર સૂત્રો, આંબેડકરનાં અમર સૂત્રો અને મહંમદ પયગંબરના અમર સૂત્રોનો સમાવેશ કરાયો છે.

ચાણક્યના મૂળ સંસ્કૃત શ્લોકોનું સરળ અને ભાવવાહી શૈલીમાં અહીં ભાષાંતર આપણને સંપાદક કેતન બુહા દ્વારા મળે છે. ચાણક્ય વિષે અનેક પુસ્તકો પ્રકાશિત થયાં છે પરંતુ સંપૂર્ણ ગુજરાતીમાં ચાણક્યના નીતિ સૂત્રો પ્રથમ વખત આપણને મળે છે.

સર્વધર્મ સમભાવની મૂર્તિમંત પ્રતિમા સમા કબીરજીની વાણી અમૃતની ખાણ સમાન છે. અનેકાનેરવાર એનું પાન કર્યા પછી પણ દરેક વખતે એમાંથી કંઈક નૂતન દર્શન સાંપડે છે. કબીરજીની વાણીએ પ્રજામતને સંસ્કારવાનું, એને સત્ય અહિંસા-કરૂણા જેવા સનાતન મૂલ્યો તરફ વાળવાનું કાર્ય કર્યું છે. એવા કબીરજીના વાણીના અમરસૂત્રોનું સંકલન આપણને ગુજરાતી ભાષાના જાણીતા કવિયત્રી ઉષા ઉપાધ્યાય દ્વારા પ્રાપ્ત થાય છે.

અરબી ભાષાના કવિ અને મહાન તત્ત્વચિંતક ખલીલ જિબ્રાનની વાણીના ચાહકો વિશ્વભરમાંથી મળી આવે છે. ખલિલ જિબ્રાન પોતે એક ફિલસૂફ, ચિંતક, વિચારક એવો મહામાનવ એનો શબ્દેશબ્દ પોતે તત્ત્વથી નીતરતો હોય છે. મોટે ભાગે સૂત્રાન્મક રીતે વ્યક્ત થતું એનું ચિંતન ગહન હોય છે. જિબ્રાનની ફિલસૂફી જીવાતા જીવનને આનંદ, હોંશ, આશા, ઉત્સાહ, અને ઈતબારથી ભરી દેનારી છે. આવી વિચારધારાના ઉદ્ગાતા અને કર્મશીલ પ્રો. મહેન્દ્ર અમીન દ્વારા આપણને ખલીલ જિબ્રાનના અમરસૂત્રોનો અનુવાદ મળે છે.

ગાંધીજીના પત્રો સિવાયના લગભગ તમામ પુસ્તકોમાંથી પસાર થઈને જે સુંદર વાક્યો, વિચારો ગમ્યા ને તારવીને સંપાદિત કરી આપનાર કેતન બુહા જો ગાંધી વિચારોને, મૂલ્યોને અને ચિંતનને ખુબ જ ઝીણવટભરી રીતે રજૂ કર્યા છે. ગાંધીજીના આ અમરસૂત્રો મનુષ્યના જીવનમાં કંઈક નૈતિક પરિવર્તન લાવનારાં બની રહેશે તેવી સંપાદકને શ્રદ્ધા છે.

વિનોબા ગાંધીયુગના મોટા તત્ત્વચિંતક હતા. તેઓએ ધર્મ, રાજનીતિ, શિક્ષણ, સાહિત્ય, વિજ્ઞાન, પર્યાવરણ વિગેરે ઉપર પોતાના વિચારો રજૂ કર્યા હતા. તેમના પુસ્તકોનું અધ્યયન કરી વિનોબાની અમર સૂત્રો અલગ તારવી તેનું સુંદર સંપાદન પ્રવિણ દુલેરાએ કર્યું છે.

'ઊઠો જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો' નો મંત્ર આપનાર સ્વામિ વિવેકાનંદ પ્રત્યેક નવી પેઢી માટે આદર્શરૂપ છે. અદ્ભૂત સ્મરણશક્તિ, દૃઢ રાષ્ટ્રભક્તિ અને વેદ-ઉપનિષદનું ઊંડું જ્ઞાન ધરાવતા આ મહાપુરૂષ - ભારતીય સમાજમાં આમૂલ પરિવર્તનો લાવવા ઈચ્છતા હતા. લોક કલ્યાણ અને ભારતના પુનરૂત્થાનનું સ્વપ્ન સેવનાર સ્વામીજીના વિચારોનું ગહન અભ્યાસ બાદ હિરલ ઉપાધ્યાય દ્વારા સંકલન કરવામાં આવ્યું છે.

ભારતનું બંધારણ ઘડીને ડૉ. આંબેડકરે ભારતના નાગરીકોને ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને ભાઈચારાનાં મૂલ્યોની ભેટ આપી છે. ડૉ. આંબેડકરની ચિંતન-કણિકા સમાન વિધાન વાકયોનું સુંદર સંકલન અહીં આપણને ડૉ. રાજેશ મકવાણા દ્વારા મળે છે. જે અમરસૂત્રો માનવ સમુદાયમાં ચેતનામય જયોત પ્રગટાવે તેવાં છે.

ઈસ્લામની સાચી ઓળખ માટે ઈસ્લામના પુનઃસર્જક હઝરત મહંમદ પયગમ્બર સાહેબના અમૃત વચનોમાં સાચા અર્થમાં માનવ ધર્મના દર્શન થાય છે. તે માત્ર આધ્યાત્મિક આનંદની અનુભૂતિ નથી કરાવતાં પણ જીવન મૂલ્યોને સાકાર કરે છે. ઈસ્લામ જીવન જીવવાની કળા શીખવતો વૈશ્વિક ધર્મ છે. તે વાતની અનુભૂતિ ડૉ. મહેબૂબ દેસાઈ દ્વારા સંકલિત આ વિચારોથી પ્રતિપાદિત થાય છે.

અમર સૂત્રોની આ આઠ પુસ્તિકાની દરેકની કિંમત રૂા. ૫૦/- છે. જેની પ્રથમ આવૃત્તિઓ - ૨૦૧૩માં પ્રગટ થઈ છે. પ્રકાશન ક્ષેત્રે ઊંચી ઉડાન ભરવા માંગતા કૌશલ ઉપાધ્યાયે ફલેમિંગો પબ્લિકેશન્સ નામે પ્રગટ કરેલ પુસ્તિકાઓ મેળવવા માટે, સંપર્ક સૂત્ર-૧૪, ચોથા માથે, વંદે માતરમ્ ઓર્કેડ, ગીતા રોડ, અમદાવાદ, મો. નં. ૦૯૮૭૯૦૨૮૪૭૭છે.

**હર્ષના આંસુ અને અહોભાવથી છલકતો ઉત્કટ લાગણીનો ભાવસભર પ્રસંગ**

પ્રેમ, લાગણી, આદર, પરસ્પરના સંબંધોની ઉષ્માનો છેદ ઉડી રહ્યો હોય તેવા સમયમાં સંસ્કાર ઘડતરના ઉચ્ચ આદર્શ સમુ કોઈ દંપત્તિ જોવા મળે જેનાં બાળકો માતાપિતાની ખુશીઓ માટે પોતાના ઉત્કટ પ્રેમ અને લાગણીને પ્રગટ કરવા કંઈક એવું આયોજન કરે જેની તેમને ખબર તો શું સ્વપ્નમાં વિચાર પણ ન આવ્યો હોત ત્યારે આશ્ચર્ય પામી જનાર માતા પિતાની આંખોમાં જે હર્ષના અશ્રુ બિંદુઓ છલકાય અને અહોભાવ જાગે તેના પ્રત્યક્ષ સાક્ષી થવાનું કોને ન ગમે.

ગાંધીનગર સાહિત્ય સભાના મંત્રી અને બીજી અનેક રાજકીય, સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓ થકી વિવિધ સંસ્થાઓ સાથે સક્રીય રીતે જોડાયેલા અને સતત પ્રવૃત્તિશીલ વ્યક્તિની આ સફળતામાં તેમની અર્ધાંગિનીની સાથ ન હોય તો આવું શક્ય જ ન બને. જીવનમાં અનેક સંઘર્ષો વેઠી આગળ વધેલ અને પોતાનાં ત્રણે બાળકોને ઉચ્ચશિક્ષણ સાથે સંસ્કારોની મૂડી જેમણે આપી છે. તેવા મૂળજીભાઈ પરમાર 'દધિ' અને શ્રીમતી નીરૂબહેનના લગ્ન જીવનના ૫૦ વર્ષની ઉજવણીનો સુંદર સુયોગ તાજેતરમાં યોજાઈ ગયો, સાહિત્યક્ષેત્રે કાવ્યો, લઘુકથાઓ, લેખો દ્વારા લેખનક્ષેત્રે આગળ વધેલા મૂળજીભાઈએ વરિષ્ઠ લેખકો/સાહિત્યકારોની મૂલાકાતો પણ લીધી છે જે પુસ્તક રૂપે પ્રગટ થઈ શકે તેવી ભાવના આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલ ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિ 'ઊર્મિલ' અને ઉપપ્રમુખ નટવર હેડાઉએ વ્યક્ત કરી હતી.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# કવિ શ્રી સ્વ. ગની દહિંવાલા (સુરતીલાલા) રચિત હાસ્ય રચનાઓનો રસાસ્વાદ

## (સુરતી ખમણ અને સુરતી લોચા જેવો રસાસ્વાદ)

## ચેતનાનો સમય

- પ્રો. ઈન્દુભાઈ ભટ્ટ

ગની દહિંવાલાની હાસ્ય રચનાઓને યાદ કરીએ એટલે સુરતી ખમણ અને સુરતી લોચો યાદ આવે. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીની પ્રિય વાનગી વિષે કોઈ પત્રકારે પુછ્યું તો જવાબ આપ્યો કે મને ખમણ ખૂબ ભાવે ખમણને પણ આંટી દે તેવો સ્વાદ સુરતી લોચાનો છે. નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યપ્રધાન થયા ત્યારે સુરતના કાર્યકરોને સુરતી લોચાની પાર્ટી આપેલી. ગની દહિંવાલા તેની હાસ્ય અને કટાક્ષસભર રચનો ગુજરાત મિત્ર નામના દૈનિકમાં પ્રકાશિત કરતાં ત્યારે તેની હાસ્ય રચનાઓનાં રસિકો સુરતી લોચો ખાતાં ખાતાં ગુજરાત મિત્રમાં છપાયેલ હાસ્ય રચનાઓ વાંચીને આનંદ માણતા તો ચાલો આપણે સુરતી લોચા જેવો સ્વાદ આપતી તેની હાસ્ય રચનો ઉપર નજર નાખીએ તેમને મોતની શોર્કકટ સીડી સમાન હાઈવે નંબર આઠના મથાળા સાથે એક કાવ્ય લખેલું. આમ તો હવે એક્સપ્રેસ હાઈવે પણ મોતની શોર્ટકટ સીડી સમાન બની ગયા છે અને પાટનગરની વાત કરીએ તો હજુ પાટનગરમાં ટ્રાફિક પોલીસની પુરી વ્યવસ્થા નથી ફક્ત ઓફિસનાં સમયે ઘ-૪ સર્કલ પાસે ટ્રાફિક પોલીસના દર્શન થાય પછી તો આખો દહાડો ટ્રાફિક પોલીસ વગર રામ ભરોસે ચ-૫, ઘ-૫ અને બીજા સર્કલો મોતની સીડી જેવા બની ગયા છે. ત્યારે મોડે મોડે પાટનગરના રસ્તાઓ ઉપર બેફામ રીતે દોડતી ગાડીઓ, બાઈકો, સ્કુટરો, રીક્ષાઓનાં અકસ્માતોની હારમાળા સર્જાતા ક્યાંક ક્યાંક નવીન જાતના લોખંડી સ્પીડ બ્રેકરો મૂક્યાં છે. આ સ્પીડ બ્રેકરો જાણે કે ટ્રાફિક પોલીસના બાપ હોય તેવા કમરતોડ છે. વાહન ચાલકોએ પરાણે બ્રેક મારીને આ સ્પીડ બ્રેકરોને પસાર કરવાં પડે છે. નહિંતર તેના વાહનનું અને અંદર બેઠેલાનું આવી બને. પાંસવા તોડી નાખે. વાત આડા પાટા ચડી ગઈ. ગની દહિંવાલા રચિત હાઈવે નંબર આઠના મથાળા હેઠલ કાવ્ય જોઈએ.

"મોટો મસ્ત ખટારો, ડ્રાઈવર હંકારે પૂરપાર
ચલો સ્વર્ગની સીધી સર્વિસ, હાઈવે નંબર આઠ,
બકરીના બચ્ચા શી રીતે લાગે એમ્બેસડર કાર,
સામેથી ઊંચે બેઠેલાં આવે શિમ સરદાર
ગતિ ન ધીમી થાય કદીયે, પ્રકાશ ના ઝાંખો
માટે ટક્કર, થાય ધડાકો, એનો વાળ ન વાંકો
ટ્રક - ટેંકરનો ડ્રાઈવર એટલે યમરાજાનો ચેલો."

હાઈવે નંબર આઠ અને એક્સપ્રેસ હાઈવે એટલે જંગી રાક્ષસી એવા મોટા ટ્રકો અને ટેંકરો જેટ સ્પીડથી ચાલતા હોય અને રાતનો સમય હોય એટલે તેની લાઈટો પર એવી રામે કે સામેથી આવતી બકરી જેવી એમ્બેસેડર કાર અને બીજા નાના વાહનોના ડ્રાઈવરોને અંઝાવી નાખે અને યમરાજ જેવા વાહનો ટક્કર મારતાં જાય. ટ્રાફિક પોલીસ વગરના રામભરોસે ચાલતા હાઈવે ઉપર નાના વાહનો સંચાલકો માટે આ હાઈવે મોતની શોર્ટકટ સીડી સમાન બની ગયા છે.

બીજા એક 'અસંતુષ્ટ રાજકારણી નેતા' મથાળા હેઠળ રચેલ કાવ્ય તો આજના રાજકીય નેતાઓ ઉપર કટાક્ષ છે. કોઈ પક્ષની બહુમતી થતાં એ પક્ષમાં મંત્રીમંડળની રચના થાય. તેમાં ચૂંટાયેલાં બધા જ નેતાઓને મંત્રીમંડળરૂપી મધપૂડામાં સ્થાન લેવાની ચટપટી થાય બધાને થોડા મંત્રી બનાવાય? થોડાક તો રહી જાય ને! એટલે મંત્રીમંડળરૂપી મધપૂડાનું મધ ખાવાનો લાભ મળે નહીં એટલે નારાજ થઈ જાય. આપણે આ બાબત વિષે કવિએ રચેલ કાવ્ય ઉપર નજર નાખીએ.

"તૂટી પડ્યો છે જાણે તુજ પર, અન્યાયનો પહાડ,
ખટપટના જંગલમાં ઉગ્યું તારા માથે ઝાડ,
ભાંગફોડની ભેખડ વચ્ચે...
તારા ખુલ્લેઆમ ફજેતા
આમપ્રજા આ નફટાઈથી, બોધપાઠ શો લેશે?
તમે લડો આપસમાં એથી મતદારો શું કહેશે?
લડવા માટે ચૂંટી મોકલ્યા? લોક દુઃખી થઈ કહેતા
આમ પ્રજાને નીજનું ભાવી, બહું ધૂંધળું લાગે
ચૂંટ્યા એટલે હાથના કર્યા ચમને હૈયે વાગે
તમે તો સ્વાર્થમાં અંધ બન્યા છો,
છેહ અમને દેતા, તારા ખુલ્લેઆમ ફજેતા."

ગની દહિંવાલાએ આજના સ્વાર્થી રાજકીય નેતાચોક કે જેઓ સેવાના નામે મેવા ખાવા ઉમટી પડ્યા છે તેના વિષે કટાક્ષ ભર્યું હાસ્યસભર કાવ્ય રચીને ચેનતાનો સંદેશો આપ્યો છે. કોઈ નેતાને મંત્રીપદ ના મળે એટલે રીસાઈ જાય અને જાણે કે અન્યાયનો પહાડ તેના માથે તુટી પડ્યો હોય તેમ ખટપટો શરૂ કરે.

અને પક્ષમાં ભાંગફોડની ભેખડો રચીને ખુલ્લેઆમ ફજેતા શરૂ કરે. મતદારો બિચારા આવી ભાંગફોડની પ્રવૃત્તિઓ કરનારા નફ્ફટ નેતાઓ માટે સ્વગત કહેશે કે શું તમને આપસમાં લડવા માટે તમને ચૂંટીને મોકલ્યા છે? મતદારો દુખી દુખી થઈ જાય. નિરાશ નેતાઓનાં આવા બખેડાઓ જોઈને મતદારોને પોતાનું ભાવિ ધુંધળું લાગવા લાગે. નેતાઓ તો મતદારોનાં ભાવિ માટે ચૂંટણી લડે પણ ચૂંટાયા પછી મતદારોના ભાવિને ભૂલીને પોતાના ભાવિને ધૂંધળું જોઈને ખટપટો શરૂ કરે છે. રાજકીય પક્ષોમાં આવા અસંતુષ્ટ એવા નેતાઓની ખટપટોના રાજકારણને જોઈને મતદારો દુખી દુખી થઈ જતાં હોય છે તેવું ચિત્ર કવિશ્રીએ આબેહુબ રીતે રજુ કરેલ છે. એક ફિલ્મી ગીત જાણીતું છે. 'મેરે અંગને મેં તુમ્હારા કયા કામ હૈ' આ ગીતની તર્જ ઉપર કવિશ્રીએ 'સંસદ મેં તુમ્હારા કયા કામ હૈ?' નામક કાવ્ય રચેલ છે.

"મેરી ચૂંટણી મેં તૂમ્હારા કયા કામ હૈ?
હમ કો હરા દેગા, તું બજા બદનામ હૈ
જીસકા નેતા હારા ઉસકા બુરા અઝામ હૈ
આગે રામ બોલો ઔર પીછે ભાઈ રામ હૈ
જીસકા નેતા લૂચ્ચા ઔર નમકહરામ હૈ
ખેતરો મેં ચલાલો, આખલે કા કયા કામ હૈ!
જીસકા નેતા ખ્યાતી કા ગુલામ હૈ
દેશ કે ગરીબોંકી જીંદગી હરામ હૈ!"

સંસદની ચૂંટણી તો પતી ગઈ ત્યારે હારેલા નેતાઓ માટે કવિક્ષી કહે છે કે તેઓ બદનામ થઈ ગયા છે. સંસદ સ્વગત પોતે જાણે કહેતી હોય કે મેરે અંગને મેં તુમ્હારા કયા કામ હૈ? જે પક્ષનો નેતા હારે તેના બૂરા હાલ થઈ જાય છે. પછી જનતા બોલે રામબોલો ભાઈ રામ. વળી ચૂંટાયેલો નેતો લુચ્ચો અને નમકહરામ હોય અને સેવાના નામે સંસદમાં આવીને મેવા ખાવા આવ્યો હોય તેને માટે સંસદ બિચાડી કહે છે કે તું અહિં ચરવા આવ્યો છે તેના બદલે ખેતરોમાં ચરી લેવું હતું ને! સંસદમાં આખલા જેવાં ઘાંસચારા ખાઈ જતા નેતાઓનું શું કામ છે. મેરે અંગને મેં તુમ્હારા કયા કામ હૈ?

(અનુસંધાન પાના નં. ૬ પર)